

ચીખલી



નવસારી કાલિયાવાડી



નવસારી રોયલ સિનેમા



બીલીમોરા સ્ટેશન



ચીખલી



નવસારી કામધેનું પાર્ક



નવસારી શ્વાનનો બચાવ





નવસારી તાસ્કંદ નગર

## વલસાડમાં પૂરના પાણી ઓસરતાં તારાજીના દ્રશ્યો સામે આવ્યા

# વલસાડના છીપવાડ અને દાણાબજારમાં વેપારીઓને કરોડોનું નુકશાન



**હજારો** કિલો અનાજ વેડફાયું, બંધ કરાયેલા 446 માર્ગમાંથી 233 માર્ગો પુન: સ્થાપનની કામગીરી શરૂ

વલસાડ : દક્ષિણ ગુજરાતમાં પૂરના પાણી ધીમે-ધીમે ઓસરવાનું શરૂ થતાં તારાજીના વાસ્તવિક દ્રશ્યો સામે આવી રહ્યા છે. વલસાડના છીપવાડ અને દાણાબજારમાં પૂરના પાણી ઉતરતાં જ વેપારીઓ પર આફતનો પહાડ તૂટી પડ્યો છે. પૂરને લઈ લાખો કિલો અનાજ સહિત કરિયાણા સમાન સહિત અન્ય સામાન પણ પલળી ગયો હતો. વેપારીઓએ જણાવ્યું કે 1968 ની રેલ કરતા પણ આ વખતે વધુ પાણી અને તેજ પ્રવાહ હોઈ વધુ નુકશાન થયું છે. બજારના ગોડાઉનો અને દુકાનોમાં 10 ફૂટ સુધી પાણી ભરાઈ જતા અનાજ, કરિયાણું પલળીને બગડી ગયું છે. છીપવાડમાં આવેલા સરકારી અનાજ ગોડાઉનમાં પૂરના પાણી ફરી વળતા અનાજ, કઠોળ, ખાંડ સહિતની વસ્તુઓ પલળી જતા ભયંકર નુકશાન થયું છે.

### વેપારીઓએ હાથ ધરી વ્યાપક સાફ-સફાઈ

પૂરના પાણી ઓસરતાંની સાથે જ વેપારીઓએ પોતાની દુકાનો અને ગોડાઉનો ખોલીને સાફ-સફાઈની કામગીરી શરુ કરી દીધી છે. દુકાનોમાંથી કાદવ-કીચડ દૂર કરવા અને બગડી ગયેલો સામાન બહાર કાઢવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

### પૂરના પાણીથી નુકશાનનો ખરો આંકડો આવતા વાર લાગશે


વલસાડ હોલસેલ અનાજ વેપારી મહા મંડળ પ્રમુખ સમીર મપારાએ જણાવ્યું કે, પૂરના પાણીથી નુકશાનનો ખરો આંકડો આવતા વાર લાગશે છતાં 5થી 6 કરોડનું નુકશાન થાય હશે. કલેક્ટર દ્વારા વેપારીઓની વેદના સાંભળી આ મુદ્દે તાત્કાલિક નિર્ણય લેવો જોઇએ.

### સુરતની જેમ ઓછા વ્યાજે બેંકલોન સરકાર આપે

હોલસેલ અનાજ વેપારી અને વેપારી મંડળના કમિટી મેમ્બર અનિલભાઈ ઓઝાએ જણાવ્યું કે કરોડોનું નુકશાન છે, ત્યારે સરકારે સુરત પૂરની જેમ અહીં વલસાડમાં પણ ઓછા વ્યાજના દરે વેપારીઓને લોન આપવી જોઇએ.

## કપરાડા તાલુકામાં ડુંગરો ધસી પડ્યા

**ખેડૂતને** કેરીના 50 વૃક્ષો, ડાંગર, નાગલીના પાકને મોટું નુકશાન



વલસાડ : કપરાડા તાલુકામાં ભારે વરસાદના પગલે ચાવશાળા ગામે ડુંગર ધસી પડતા એક ખેડૂતની 1 હેક્ટરથી વધુ જમીનમાં રોપેલી 50 કેરીની કલમો, ડાંગરનો પાક સંપૂર્ણ પણે નાશ પામ્યો છે. જેને લઈ ખેડૂતને ભારે આર્થિક નુકશાન પહોંચ્યું છે.

ચાવસાળા ગામના ખેડૂત સવરા રતિલાલભાઈની 1 હેક્ટર 24 ગુંઠામાં ડુંગર ધસી પડતાં 50 આંબા કલમના છોડ માટી અને પથ્થરો નીચે દટાઈ જતાં નષ્ટ થતા પાકને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. ઉપરાંત ગવટકા ગામ ખાતે ખાતે ડુંગર નજીક રહેતા ગણેશભાઈ વળવીનું ઘર ડુંગર ધસી પડતા મોટા પ્રમાણમાં માટી ઘરમાં ઘૂસી આવતા તમામ ઘર વખરી દટાઈ પાણીમાં પલળી ગઇ હતી.

## ડાંગ જિલ્લામાં અતિભારે વરસાદ બાદ મેઘવિરામ

**જિલ્લાના** ૧૫ માર્ગો બંધ, લેન્ડસ્લાઈડ અને વૃક્ષો પડતાં તંત્ર યુદ્ધધોરણે કાર્યરત

સાપુતારા :વનાચ્છાદિત ડાંગ જિલ્લામાં વરસાદનું જોર ધીમુ પડ્યું છે. વરસાદની આ પરિસ્થિતિ વચ્ચે જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક રાહત તથા મરમ્મતની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે આહવામાં ૪૦ મી.મી. સુબીરમાં ૩૮ મી.મી તથા વઘઈમાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે જિલ્લાનો સરેરાશ વરસાદ ૩૩.૩૩ મી.મી વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના પરિણામે ડાંગ જિલ્લાના આહવા-વઘઈ રોડ તથા નાનાપાડાથી ભેંડમાળ રોડ પર લેન્ડ સ્લાઈડ તેમજ વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા હતા. આ ઉપરાંત પિંપરી-કાલીબેલ રોડ અને આહવા-નવાપૂર રોડ પર પણ વૃક્ષો ધરાશાયી થતાં માર્ગ અને મકાન વિભાગે યુદ્ધના ધોરણે રસ્તા પરથી કાટમાળ અને વૃક્ષો હટાવી માર્ગો ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરી હતી. મુરબી પ્રાથમિક શાળા અને ધોધલપાડા પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલ (સંરક્ષણ દીવાલ) ધરાશાયી થતા તંત્ર દ્વારા જરૂરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સાંજના પાંચ વાંગ્યે ૧૫ માર્ગો કોઝવે અને પુલ ઉપર પાણી ફરી વળવાના (ઓવરટોપિંગ) કારણે બંધ થયાં છે.

## વલસાડમાં યુવકોના મૃતદેહ મળ્યા

**અંબાચમાં** દીવાલ ધરાશાયી થતાં મજૂરનું મોત

વલસાડ, પારડી : વલસાડમાં પૂરનીના પાણી ઓસરતાં બે યુવકોના મૃતદેહ મળી આવ્યા છે. બારૂડિયાવાડમાં નરેશ પટેલનો અને છીપવાડમાં અમૃત શેરી, રઘુવંશી સો મિલ પાસે રહેતા હેમંત પટેલનો મૃતદેહ જગન્નાથ મંદિર નજીકથી મળી આવ્યો હતો. જ્યારે પારડીના અંબાચના પાનેર ફળિયામાં તબેલામાં પૂરના પાણી ઘૂસી જતાં તબેલામાં નોકરી કરતા અને ગાયોની દેખરેખ રાખતા ૩૮ વર્ષીય મોહમ્મદઅમીન દીવાલ નીચે દબાઈ ગયા હતા. પૂરના પાણીમાંથી બહાર ન નીકળતા તેમનું ઘટનાસ્થળે જ ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

### ટુકવાડામાં પૂરના પાણીમાં 3 વર્ષના માસૂમ બાળકનું પાણીમાં તણાઈ જતા મોત

પારડી : પારડીના ટૂકવાડાની લેબર કોલોનીમાં રહેતા ટૂકવાડા ખાતે મજૂરી કામ કરતા સુનિલ બગેલના 3 વર્ષના માસૂમ પુત્ર આશીષનું પૂરના પાણીમાં તણાઈ જવાથી અકાળે મોત થયું છે. કોલોનીમાં પાણી ભરાવાનું શરૂ થતાં સુનિલભાઈ પરિવારને સલામત સ્થળે ખસેડી રહ્યા હતા. તે દરમિયાન પુત્ર આશીષને પોતાના ખભા પર બેસાડી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાણીનો તીવ્ર પ્રવાહ આવતાં આંચકા સાથે માસૂમ આશીષ ખભા પરથી નીચે પાણીમાં પડી ગયો હતો અને પાણીના વહેણમાં તણાઈ ગયો હતો. બીજા દિવસે સવારે સોસાયટીમાંથી આશીષનો મૃતદેહ મળી આવ્યો હતો.

### પારડીના રેંટલાવમાં અજાણ્યાનો મૃતદેહ મળી આવ્યો

પારડી : પારડી તાલુકાના રેંટલાવ ગામે આવેલી પટેલ નર્સરી સામેના બ્રિજ નીચેથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. રેંટલાવના જયેશ હળપતિએ પારડી પોલીસ સ્ટેશનમાં જાહેરાત નોંધાવી છે. અજાણ્યાનું કુદરતી બીમારી અથવા તો ભારે વરસાદમાં પલળી જવાથી ઠંડીના કારણે મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ વ્યક્ત કરવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ સરપંચ અજય પટેલે પારડી પોલીસને જાણ કરતા પોલીસે કાયદેસરની નોંધ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં મૃતકનું નામ કે સરનામું હજુ સુધી જાણી શકાયું નથી.

### દમણમાં મેઘ તાંડવ બાદ ભારે તારાજી

દમણ : સંઘપ્રદેશ દમણમાં પડેલા 21 ઈંચ વરસાદ અને ડેમમાંથી છોડાયેલા પાણીના કારણે ગુરુવારે વિસ્તાર પાણીમાં ગરકાવ થયો હતો. શુક્રવારે પાણી ઓસરતાં ઠેરઠેર ભારે તારાજીના દ્રશ્યો સામે આવ્યા હતાં. ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરીને નુકસાન પહોંચેલું જોવા મળ્યું હતું. માંગેલવાડમાં 17 ઘરોમાં પાણી ફરી વળતાં રહિશોને ભારે નુકસાન થયું છે. વરકુંડ-રીંગણવાડા અને પાતલિયા પુલ નજીક રસ્તાઓ ધોવાઈ જતાં ચોસલાઓ ઉખડી માટીમાં ખૂંપાઈને ખાડા પડી ગયા છે. રીંગણવાડા સહિતના વિસ્તારમાં ઝાડ ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. શનિવારે પણ દમણની શાળા, કોલેજો બંધ રાખવામાં આવી છે.

## ઉમરગામની નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મુલાકાત લીધી

**વરસાદથી** થયેલ નુકસાન અને સ્થળ સ્થિતિનો તાગ મેળવ્યો

**અસરગ્રસ્તોને** જલ્દીથી સહાય ચૂકવાય તથા રોડ રસ્તાના રીપેરીંગ માટે વહીવટી તંત્રને સૂચનાઓ આપી



ઉમેશ સોલંકી

ઉમરગામ : ગુજરાતના ઈતિહાસમાં એક જ દિવસમાં સૌથી વધુ રેકોર્ડ બ્રેક વરસાદ ઉમરગામ તાલુકામાં 42 ઈંચ નોંધાયો છે. વરસાદના કારણે નુકસાન ખૂબ જ થયું છે પરિસ્થિતિનો તાગ મેળવવા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ઉમરગામની મુલાકાતે આવ્યા હતા. સાથે સાંસદ ધવલભાઈ પટેલ ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકર,જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલ, ભીલાડના સરપંચ તથા ઉમરગામ તાલુકાના અધિકારીઓ અને જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ભીલાડ અને ધોડીપાડામાં વરસાદથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું તેમને સમગ્ર ઉંમરગામ તાલુકામાં વરસાદથી થયેલા નુકસાન અંગે જાણકારી મેળવી જલ્દીથી સહાય ચૂકવવા સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તંત્રને તાકીદ કરી હતી.